એક નદીની જેમ આપણે જીવતા જવું, અને આસપાસનો પ્રદેશ લીલોછમ કરવાની આપણી ક્ષમતા વધારતાં જવું
- તોલ્સ્તોય


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૦૦ | ૨૦ જૂન, ૨૦૧૪, શુક્રવાર; જેઠ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


NEWS બિટ્સ

● રાષ્ટ્રીય રાજમાર્ગોને ટોલ પ્લાઝા મુક્ત બનાવાશે

માર્ગ અને પરિવહન તથા



રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ટોલટેક્સ નીતિથી એક તીરથી અનેક નિશાના એક સાથે લગાવવાની તૈયારી કરી છે. કોમર્શીયલ વાહનો પાસેથી વર્ષમાં એક વખત ટોલ લેવાનો પ્રસ્તાવ કરવામાં આવશે.

● શાહરૂખના ટ્વીટર પર ૮૦ લાખ ફોલોઅર્સ

બોલીવુડના કિંગખાને ફરી



એકવાર સાબિત કરી દીધુ છે કે તે ઈન્ડસ્ટ્રીઝનો જ નહી પરંતુ સોશીયલ મિડિયાનો પણ બાદશાહ છે. શાહરૂખખાનના ટ્વીટર પર ૮૦ લાખ ફોલોઅર્સ છે. શાહરૂખખાનની ફિલ્મ હેપ્પીન્યૂયર થોડા સમયમાં રિલીઝ થઈ રહી છે.

# ગુડાની આવાસ યોજના વિસ્તારાશે

## ગુડા વિસ્તારમાં ૫૦ ચો.મી.ના આવાસો બાંધવા સર્વે કરાશે : સ્વર્ણિમ હોલને ભાડા પેટે આપવા મંજૂરી અપાઈ : ગુડાની બોર્ડ બેઠકમાં ૨૯ કરોડના કામોને મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની ૪૯ મી બોર્ડ બેઠકમાં પાણી-ગટર સહિતના માળખાગત સુવિધાના રૂ.૨૯ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત રાયસણ, ચિલોડા અને અડાલજમાં -થમ તબક્કામાં આવાસ યોજનાના સફળ આયોજનના અંતે હવે બીજા તબક્કાના ૫૦ ચો.મી વિસ્તારના મકાનો બાંધવા સર્વે હાથ ધરવા પણ નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ હોલને ભાડાપેટે આપવાની યોજનાને પણ મંજૂરી આપવામાં આવી હતી.

શહેરી વિકાસ સત્તા મંડળની ૪૯ મી બોર્ડ બેઠક દરમિયાન મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં ગુડાની પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૨૪ ને અનુલક્ષી આમ નાગરિકો તરફથી મળેલા સુચનો અંગે વિચારણા હાથ ધરી જરૂરી સુધારા વધારા કરવામાં આવ્યા હતા. જેમાં વિકાસ યોજનામાં સૂચવાયેલા કેન્ટોનમેન્ટ વિસ્તારની હદમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વસ્તીના ધોરણને ધ્યાને રાખી ગામતળના નેચરલ ગ્રોથ વિસ્તારની હદમાં સુધારો કરી ૨૦૦ મીટરની મર્યાદાને બદલે ૩૦૦ થી ૪૦૦ મીટર મર્યાદા સૂચવવામાં આવી હતી. જેના પરિણામે ગામોની આસપાસના વિસ્તારમાં પદ્ધતિસરની વિકાસ યોજના અમલી બનશે. આ ઉપરાંત અડાલજ, શેરથા અને રાંધેજાની નગરરચનાના બાંધકામ માટે સૂચિત એફ.એસ.આઈ માં ૦.૫ નો વધારો કરી ૨ એફ.એસ.આઈ મળવાપાત્ર થાય તેવો સુધારો સૂચવવામાં આવ્યો હતો. તેમજ અડાલજ, અંબાપુર ગામોનો સમાવેશ કરી નગરરચના યોજના નંબર.૨૩ ને બહાલી આપવામાં આવી હતી. ગુડા વિસ્તારમાં પાણી પુરવઠાના પ્રોજેક્ટને અનુલક્ષી રૂ.૨૮.૫૦ કરોડના કામોને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ ટીપી વિસ્તારમાં બાંકડા, પેવર બ્લોક તેમજ સ્ટ્રીટ ફર્નીચરના કામો માટે રૂ.૫૨ લાખનો ખર્ચ મંજુર કરાયો હતો. વધુમાં બીજા તબક્કામાં ગુડા વિસ્તારમાં ૫૦ ચો.મી ના ૨ બી.એચ.કે ના મકાનોનું નિર્માણ કરવા સર્વેની પ્રક્રિયા હાથ ધરાય તે અંગે પણ નિર્ણય લેવાયો હતો. રાયસણમાં સ્થિત સ્વર્ણિમ હોલને -તિદિન રૂ.૧૦ હજારના ભાડાપેટે આપવાની નીતિ પણ નક્કી કરાઈ હતી. ગુડાની આ બોર્ડ બેઠકમાં ચેરમેન અશોક ભાવસાર, મુખ્ય કારોબારી અધિકારી સહીત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વરસાદ ખેંચાતા આકસ્મિક પાક આયોજન

## મિશ્ર પાક તેમજ વહેલી પાકતી જાતોના વાવેતરનો આગ્રહ : અલનીનો ઈફેક્ટ્સને લઈ ચોમાસુ અનિયમિત રહેવાની સંભાવનાઓ



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આંશિક રીતે વરસાદ ખેંચાતા જ કૃષિ વિભાગે આકસ્મિક પાક-આયોજન તૈયાર કરી અને ખેડૂતોને તેની જાણકારી સમયસર મળી રહે તે માટે દરેક ગ્રામ પંચાયતની કચેરી પર મોકલી આપવામાં આવેલ છે.

અલનીનોની ઈફેક્ટ્સને લઈ જિલ્લામાં વરસાદ પર તેની અસરો થવાની સંભાવનાઓને ધ્યાને રાખી આ આખુય પાક આયોજન તૈયાર કરવામાં આવ્યું છે. આ આકસ્મિક પાક આયોજનમાં આંતર ખેડ પર ભાર મુકવામાં આવ્યો છે.

જિલ્લાતંત્રએ આકસ્મિક પાક આયોજનમાં અનિયમિત વરસાદની સંભાવનાઓને ધ્યાને રાખી વિસ્તૃત માર્ગદર્શન ખેડૂતોને આપ્યું છે. જેમાં જળસંચય માટે પણ આગ્રહ કરવામાં આવ્યો છે. જમીનની ભેજ સંગ્રહશક્તિ વધે તેવા તમામ પ્રયાસો કરવા તેમજ પાણીનો કરકસરભર્યો ઉપીયોગ કેવી રીતે થઈ શકે તેની જાણકારી પણ આ આકસ્મિક પાક આયોજનમાં આપવામાં આવી છે.

ખેતીવાડી વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાનું સ્થાન એગ્રોક્લાઈમેટ ઝોન-૪ (સેમી-એરીડ)માં છે. ગાંધીનગર જિલ્લાનું અર્ધસુકા પ્રકારનું હવામાન છે. જિલ્લામાં મુખ્યત્વે ગોરાડુ પ્રકારની જમીન છે.

છેલ્લા વર્ષનો સરેરાશ વરસાદ ૯૭૭ મિ.મિ. છે. મોટાભાગે જૂનથી સપ્ટેમ્બર મહિનાના સમયગાળામાં ૩૫ દિવસમાં ૫૦ ટકાના ગુણાંકમાં તફાવત સાથે પ્રાપ્ત થાય છે. જિલ્લાના

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ નગરપાલિકામાં કોંગી સભ્યોના બળવા વચ્ચે જ સત્તા જાળવવામાં કોંગી સફળ

ગાંધીનગર, તા.૧૯

દહેગામ નગરપાલિકામાં કોંગ્રેસના સભ્યોએ કરેલા બળવાની વચ્ચે આજે મળેલી સામાન્ય સભામાં કોંગ્રેસે તમામ સમિતિઓની રચના કરી અને નગરપાલિકા પરનો તેનો કબ્જો યથાવત જાળવી રાખ્યો છે.

આજે મળેલી સામાન્ય સભામાં ભાજપના સભ્યોની ગેરહાજરીમાં નગરપાલિકાની ખડી સમિતિ, શિક્ષણ સમિતિ, બાંધકામ સમિતિ સહિતની તમામ સમિતિઓની રચનાની કામગીરી આટોપી લેવાઈ હતી.

સમયસર શરૂ થયેલી આ બેઠકમાં બળવો કરનાર સભ્યોની રાહ જોઈ રહેલા સભ્યો સાથે ભાજપના સભ્યો પહોંચે તે પહેલાં જ કામગીરી આટોપી લેવાતાં શહેરભરના રાજકીય વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

દરમિયાન પક્ષમાંથી બળવો કરી જનારા બે સભ્યો સામે પક્ષાંતર વિરોધી ધારા હેઠળ કાર્યવાહી કરવા માટે જિલ્લા કક્ષાએથી માર્ગદર્શન માંગવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. જેને લીલી ઝંડી મળતાં જ આગળની કાર્યવાહી હાથ ધરાશે તેમ મનાઈ રહ્યું છે.

ચૂંટણીની આડે એક વર્ષનો સમય બાકી છે ત્યાં કોંગ્રેસમાં ઉભા થયેલા બળવાની સ્થિતિને ખાળવામાં આજે સ્થાનિક નેતાગીરીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# સંભવિત આપત્તિની માહિતી માત્ર એક ક્લીક દ્વારા મળશે

## ડીઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા તૈયાર કરાયેલા એન્ડ્રોઈડ બેઝ્ડ મોબાઈલ એપ્લીકેશનનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુરત જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ તંત્ર દ્વારા તૈયાર કરાયેલી એન્ડ્રોઈડ બેઝ્ડ મોબાઈલ એપ્લીકેશનનું સુરતના નગરજનોને પ્રજાર્પણ કર્યું હતું. આવનાર કુદરતી આપત્તિઓનો ભોગ બની ચુકેલા સુરત શહેરને ચાલુ વર્ષે, ચોમાસાની ઋતુ દરમિયાન કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય, તથા સંભવિત આપત્તિઓની જાણકારી જિલ્લા પ્રશાસન સહિત સમગ્ર પ્રજાજનોને સમયસર મળી શકે તે માટેની જડબેસલાક વ્યવસ્થા જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ગોઠવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર


Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR : GPSC દ્વારા ગુજરાત સરકારમાં ભરતી પરીક્ષા તા. 12.10.2014 GPSC 351 જગ્યાઓ
100% પરીક્ષાલક્ષી - પરિણામલક્ષી શિક્ષણ!
General Study : MUKESH PATEL
GPSC
CSAT/GS
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
તલાટી/ક્લાર્ક/એકાઉન્ટન્ટ/કોન્સ્ટેબલ/વન સહાયક : વર્ગ-3, 15000 થી વધુની ગુજરાત સરકારમાં વર્ષ 2014 માં ભરતી
માસ્ટર કોર્ષ-2014
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606
મહેસાણા 9537614607
હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ 22-6-14 થી નવી ફી લાગુ

પ્રવેશ સંપૂર્ણ બંધ છે. (ચાર માસ માટે)
નમ્ર વિનંતી
કામની શ્રેષ્ઠ ગુણવત્તા તથા દરેક બેચમાં મર્યાદિત સંખ્યાના સિદ્ધાંતને કારણે હાલ કોઈપણ બેચમાં પ્રવેશ આપી શકું તેમ નથી તે બદલ ક્ષમા અર્ચના...
GPSC-I, II ની તૈયારી માટે હાલ સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પૂરતો સમય ફાળવી, ખુબ મહેનત કરાવી શકું તે હેતુથી 4 માસ માટે પ્રવેશ સંપૂર્ણ બંધ કરેલ છે. તેથી ફોન પર કે રૂબરૂ સંપર્ક ન કરવા વિનંતી.
આપ સૌએ મારા પર મુકેલ વિશ્વાસ તથા આપેલ અભૂતપૂર્વ સહકાર બદલ આપનો અંતઃકરણપૂર્વક આભાર..
- આપનો ઋણાનુબંધી... રાજુભાઈ પટેલ
વિવેકાનંદ એકેડમી

Monsoon હેન્ડીક્રાફ્ટ મેલા
તા. ૧૬ થી ૩૦ જુન ૨૦૧૪
હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન સહ વેચાણ
અમદાવાદ હાટ



Super Saver SALE
upto 40% off
greenfibre
SHIRTS • T-SHIRTS • TROUSERS • DENIMS
Ahmedabad: Shiromani Complex, Nehru Nagar, 26733434; Iscon Mega Mall, S.G. Rd., 40028180; Himalaya Mall, Drive in Rd., 30481818; 4D Square Mall, Chandkheda, 40050203 • Gandhinagar: Haveli Arcade, Sector 11, 23246459 Surendranagar: Middle Point, Nr. Milan Cinema, 02752 228081 • Mehsana: Ambizone, Opp. Simandhar Temple, Modhera Crossroads, 02762 241888 • Himmatnagar: Amarsinji Shopping Mall, Tower Rd., 02772 246363 Anand: Ram Shikhar, Nr. New Bus Stop, 02692 266388 • Deesa: Sankalp Complex, Near Gayatri Mandir, 02744 228082
info@greenfibre.com, greenfibre.com
FLS 747

Shree Swaminarayan Polytechnic
Diploma Engineering College
(Approved by AICTE and Affiliation with GTU)
Automobile Engineering | Civil Engineering | Computer Engineering | Electrical Engineering | Mechanical Engineering
Gurukul Campus, Sector-22, Gandhinagar, Gujarat.
Email - sspolytechnicgnr@gmail.com
94086 71900, 70436 09279

SPECIAL FEATURES OF COLLEGE
Well qualified and experienced Staff.
Laboratory with latest equipments and software.
Multimedia class room with latest technology.
ST & Local Transport facility available.
Well Equipped Workshop with latest machine.
Hygienic & quality Lunch and food in canteen.
Indoor & outdoor sports facility.
Extra co-curial activity for personality development.
Scholarship for Meritorious Students.
Our motto is to promote the Quality Education.

Shree Swaminarayan Institute Of Technology
Degree Engineering College
(Approved by AICTE and Affiliation with GTU)
Civil Engineering | Computer Engineering | Electronics & Communication Engineering | Electrical Engineering | Mechanical Engineering
Nr. Apollo Hospital & E.D.I. Campus, Sardar Patel Ring Road, Bhat Circle, Gandhinagar-Airport High-Way, Bhat, Gandhinagar, Gujarat.
Email. ssit.director@gmail.com
70436 09281, 94082 60607